# આજે મહારાષ્ટ્ર-હરિયાણામાં મતદાન

## કરોડો મતદારો મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઉત્સુક : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રમાં ૭૧૫ જાહેરસભાઓ પૈકી ૨૭ અને હરિયાણામાં ૪૦ પૈકીની ૩૦ સભા સંબોધી : ઉમેદવારોમાં ભારે ઉત્સુક્તા



ચંદીગઢ/મુંબઈ,તા. ૧૪

મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાનને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે.અભૂતપૂર્વ સુરક્ષા અને ભારે સસ્પેન્સની સ્થિતિ વચ્ચે આવતીકાલે બન્ને રાજ્યોમાં મતદાન યોજનાર છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. કોઈ પણ ગેરરિતીને રોકવા પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનોની સાથે સાથે કેમરા પણ ગોઠવી દેવામાં આવ્યા છે. આવતીકાલે બન્ને રાજ્યોમાં સઘન સુરક્ષા વચ્ચે મતદાન થશે. બન્ને રાજ્યોમાં મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા તૈયાર દેખાઈ રહ્યા છે. મહારાષ્ટ્રમાં ૨૮૮ અને હરિયાણામાં ૯૦ બેઠકો માટે મતદાન યોજનાર છે.

આવતીકાલે મતદાન બાદ રવિવારે મતગણતરી યોજાશે. મહારાષ્ટ્રમાં ભાજપ ૨૫૭ બેઠક ઉપર અને તેના નાના સાથીપક્ષો ૩૧ બેઠકો ઉપર ચુંટણી મેદાનમાં છે. જ્યારે કોંગ્રેસ અને એનસીપી તમામ બેઠકો પર મેદાનમાં છે. ૨૦૦૯ની ચુંટણીમાં કોંગ્રેસે ૮૨, એનસીપીએ ૬૨, શિવસેનાએ ૪૫, ભાજપે ૪૭ બેઠકો જીતી હતી. મહારાષ્ટ્રમાં અનુસૂચિત જાતિની ૨૯ અને અનુસૂચિત જનજાતિની ૨૫ બેઠકો છે. મહારાષ્ટ્રમાં કુલ ૮ કરોડથી વધુ મતદારો છે. જ્યારે હરિયાણામાં દોઢ કરોડથી વધુ મતદારો નોંધાયા છે. ગઈકાલે હરિયાણા અને મહારાષ્ટ્રમાં ૧૫મી ઓક્ટોબરના દિવસે યોજાનારી વિધાનસભાની ચુંટણી માટે હાઈવોલ્ટેજ પ્રચારનો અંત આવી ગયો હતો. પ્રચારના છેલ્લા દિવસે વડાપ્રધાન મોદીએ પણ આક્રમક પ્રચાર કરીને કોંગ્રેસ અને અન્યો ઉપર આક્રમક પ્રહારો કર્યા હતા.બીજીબાજુ હરીફ પાર્ટીઓએ પણ મતદારોને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસ કર્યા હતા. લોકસભાની ચુંટણીમાં પાંચ મહિના અગાઉ પ્રચંડ બહુમતી મળ્યા બાદ મોદીએ બન્ને રાજ્યોમાં ૩૦થી વધુ રેલીઓ યોજી હતી. ભ્રષ્ટાચાર અને અન્ય મુદ્દાઓ ઉપર પ્રહારો કરાયા હતા. મહારાષ્ટ્રમાં કોઈ સ્થાનિક ચહેરા નહીં ધરાવતા હોવા છતાં મોદીએ આ જવાબદારી સંભાળી હતી. ભાજપે મોદી ઉપર મુખ્ય રીતે આધાર રાખ્યો હતો. શિવસેના સાથે સંબંધ તુટ્યા બાદ મહારાષ્ટ્રમાં ચુંટણી નવા સમીકરણો લઈને આવી શકે છે. બીજીબાજુ કોંગ્રેસે પૃથ્વીરાજ ચૌહાણને મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કર્યા છે. એનસીપીએ અજીત પવારને અને શિવસેનાએ ઉદ્ધવ ઠાકરેને મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કર્યા છે. મોદીએ મહારાષ્ટ્રમાં ૨૦ અને હરિયાણાં ૧૦ રેલી સંબોધી હતી. વડાપ્રધાન મોદીએ મહારાષ્ટ્રમાં ૭૧૫ જાહેરસભાઓ પૈકી ૨૭ જાહેરસભા સંબોધી છે.

મહારાષ્ટ્રમાં ૨૮૮ વિધાનસભા બેઠકો માટે ૪૧૧૭ ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે. કુલ ૭૬૪૬ ઉમેદવારી પત્રો ભરવામાં આવ્યા હતા. જે પૈકી ચકાસણી બાદ ૬૪૯૬ યોગ્ય ગણાયા હતા. પરંતુ ૨૩૭૯ ઉમેદવાર છેલ્લી ઘડીએ ખસી જતાં ૪૧૧૭ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા.

# આંધ્ર માટે એક હજાર કરોડના પેકેજની જાહેરાત

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી નુકસાનગ્રસ્ત વિશાખાપટ્ટનમ પહોંચ્યા : મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ અને અન્યો સાથે વાવાઝોડાથી થયેલા નુકસાનના મુદ્દે વાતચીત : વિશાખાપટ્ટનમમાં લાખો લોકો ત્રીજા દિવસે અંધારપટ હેઠળ



વિશાખાપટ્ટનમ,તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રચંડ વાવાઝોડા ગ્રસ્ત આંધ્રપ્રદેશ માટે ૧૦૦૦ કરોડના ખાસ પેકેજની જાહેરાત કરી હતી. વડાપ્રધાને વાવાઝોડાના કારણે મૃત્યુ પામેલા લોકોના નજીકના સંબંધીઓ માટે બે-બે લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી હતી. આ ઉપરાંત ઈજાગ્રસ્તો માટે ૫૦-૫૦ હજાર રૂપિયાની જાહેરાત કરી હતી. વાવાઝોડાથી થયેલા નુકસાનની સમીક્ષા કર્યા બાદ મોદીએ કહ્યું હતું કે, કટોકટીના આ સમયમાં કેન્દ્ર સરકાર આંધ્રપ્રદેશ સરકારની સાથે છે. વડાપ્રધાન આજે બપોરે વાવાઝોડાગ્રસ્ત વિશાખાપટ્ટનમ અને દરિયાકાંઠાના અન્ય વિસ્તારોમાં પહોંચ્યા હતા. વિશાખાપટ્ટનમ વિમાની મથકે પહોંચ્યા બાદ તરત જ તેઓએ વાવાઝોડાથી નુકસાન પામેલા વિસ્તારોની ચકાસણી કરી હતી. આ ઉપરાંત લોકોને પડી રહેલી તકલીફ ઉપર પણ ધ્યાન આપ્યું હતું. અધિકારીઓએ પ્રચંડ વાવાઝોડાના કારણે થયેલા નુકસાન અંગે વડાપ્રધાનને માહિતી આપી હતી. આંધ્રના રાજ્યપાલ નરસિંહમન, મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ, કેન્દ્ર સરકારના પ્રધાનો વેંકૈયા નાયડુ, અશોક ગજપતિએ વિમાની મથકે તેમનું સ્વાગત કર્યું હતું. અગાઉ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનને તમામ માહિતી આપવામાં આવી છે. વાવાઝોડાગ્રસ્ત વિશાખાપટ્ટનમમાં સતત ત્રીજા દિવસે અંધારપટની સ્થિતિ છે. વિજળી અને દૂરસંચારની સેવા સંપૂર્ણપણે ઠપ છે. પીવાના પાણી અને દૂધની અછત દેખાઈ રહી છે. હુડ હુડ વાવાઝોડાના બે દિવસ બાદ ૧૮ લાખ લોકો અંધારપટ હેઠળ આવેલા છે. બાળકોને દૂધની પણ સમસ્યા નડી રહી છે. ત્રણ દિવસથી મોબાઈલ ફોન બંધ હાલતમાં છે. ટેલિફોન સર્વિસ સંપૂર્ણપણે ઠપ છે. એટીએમ મશીનો પણ કામ કરી રહ્યા નથી. માર્ગોને વ્યવસ્થિત કરવાનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. વિજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવા યુદ્ધના ધોરણે પ્રયાસ થઈ રહ્યા છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એમ ચંદ્રાબાબુ નાયડુએ કહ્યું છે કે, જો કર્મચારીઓ શહેરમાં જનજીવનને સામાન્ય બનાવવામાં મદદ ન કરી રહ્યા હોય તો તેમની સામે પગલા લેવામાં આવશે. શક્ય તેટલી વહેલીતકે જરૂરી સેવા ઉભી કરવામાં આવી રહી છે. રવિવારના દિવસે વિનાશકારી વાવાઝોડુ ત્રાટક્યું હતું. વિશાખાપટ્ટનમ, શ્રીકાકુલમ, વિજયાનગરમમાં સૌથી વધારે નુકસાન થયું છે. ૬૦૦૦૦૦ જેટલા લોકો ત્રણ જિલ્લાઓમાં સરકારી રાહત કેમ્પમાં આસરો લઈ રહ્યા છે. ૭૦૦૦થી વધુ મકાનો નાશ પામ્યા છે. રાજ્ય માર્ગ પરિવહન નિગમે પ્રદેશના કેટલાક ભાગોમાં બસ સેવાને ફરી શરૂ કરી છે. મળેલી માહિતી મુજબ બચાવ અને રાહત કામગીરીમાં હજુ પણ ઘણી ટીમો જોડાયેલી છે. આંધ્રપ્રદેશમાં સૌથી મોટા શહેર તરીકે વિશાખાપટ્ટનમને ગણવામાં આવે છે. આ શહેરમાં જ વાવાઝોડાની સૌથી માઠી અસર થઈ છે. હજુ કેટલાક દિવસો તમામ જરૂરી સેવા શરૂ કરવામાં લાગી શકે છે. રાજ્યમાં મોતનો આંકડો પણ સતત વધી રહ્યો છે. હજુ કેટલાક ગામોમાં પાણી ભરાયેલા છે. શ્રીકાકુલમના નિચાળવાળા વિસ્તારોમાં લોકોની હાલત કફોડી બનેલી છે.

# ડબલ્યુપીઆઈ ફુગાવો હવે પાંચ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યો

## ડબલ્યુપીઆઈ ફુગાવો ૨.૩૮ ટકાની સૌથી નીચી સપાટીએ : મોદી સરકારને મોટી રાહત થઇ :કન્ઝ્યુમર પ્રાઇઝ ઇન્ડેક્સ આધારિત ફુગાવો ૬.૪૬ ટકા રહ્યાના એક દિવસ બાદ ડબલ્યુપીઆઈ ફુગાવાના આંકથી રાહત

નવી દિલ્હી,તા. ૧૪

હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ ફુગાવો પાંચ વર્ષમાં ઘટીને સૌથી નીચી સપાટીએ પહોંચી ગયો છે. સપ્ટેમ્બરમાં ડબલ્યુપીઆઈ ફુગાવો ઘટીને ૨.૩૮ ટકા થઈ જતાં તંત્રને મોટી રાહત થઈ છે. અગાઉના મહિનામાં ડબલ્યુપીઆઈ ફુગાવો ૩.૭૪ ટકા હતો. ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમતમાં વધારો થયા બાદ તેની સીધી અસર જોવા મળી હતી. ઔદ્યોગિક ચીજવસ્તુઓ માટેની ઓછી માંગ પણ રહી છે. આ ઉપરાંત ક્રૂડની કિંમતમાં પણ ઉલ્લેખનીય ઘટાડો થયો છે. કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત ફુગાવો ૬.૪૬ ટકાની સૌથી નીચી સપાટીએ પહોંચી ગયાના એક દિવસ બાદ આ આંકડો જારી કરવામાં આવ્યો છે. આઈએનજી વ્યાસા બેંકમાં અર્થશાસ્ત્રી ઉપાસના ભારદ્વાજે કહ્યું છે કે, ફુગાવામાં ફેરફાર તરફેણની સ્થિતિ ઉપર આધારિત છે. ક્રૂડ ઓઈલની કિંમતમાં હાલમાં ઘટાડો થયો છે. વિકાસનો દર પણ યથાવત રહ્યો છે. સીપીઆઈ માટે ડબલ્યુપીઆઈ લીડ ઈન્ડીકેટર તરીકે છે. રિટેલ કિંમત ફુગાવો વધુ ઘટી શકે છે. જો કે, ઓક્ટોબર અને નવેમ્બર મહિનામાં તહેવારની સિઝન આવી પહોંચી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પણ ચાવીરુપ પોલિસી રેટમાં કાપ મુકતા પહેલા સીપીઆઈ ફુગાવા ઉપર નજર રાખશે. જાન્યુઆરી ૨૦૧૬ સુધી સીપીઆઈ ફુગાવાને છ ટકા સુધી લઈ જવાની યોજના રહેલી છે. જાન્યુઆરી ૨૦૧૫ સુધી સીપીઆઈ ફુગાવો સાત ટકાની આસપાસ રહે તેવી શક્યતા છે. ડબલ્યુપીઆઈ ફુગાવો પાંચ વર્ષની નીચી સપાટીએ પહોંચતા સરકારને મોટી રાહત થઈ છે. સપ્ટેમ્બર મહિનામાં તે સૌથી નીચી સપાટીએ પહોંચ્યો છે. શાકભાજીના ભાવમાં સપ્ટેમ્બર મહિનામાં ૧૪.૯૮ ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે. ઓગસ્ટમાં પણ કિંમતોમાં ઘટાડો થયો હતો પરંતુ આ ઘટાડો ૪.૮૮ ટકા હતો. સરકારની ઉંઘ હરામ કરી દેનાર ત્રણ મુખ્ય વસ્તુઓ પૈકીની એક ડુંગળીની કિંમતમાં પણ ઘટાડો થયો છે જ્યારે ટામેટાના ભાવમાં પણ ઘટાડો થયો છે. બીજી બાજુ બટાકાના ભાવ હજુ પણ વધી રહ્યા છે. અગાઉના મહિનામાં ૪૪.૭૦ ટકાની સામે સપ્ટેમ્બર મહિનામાં ડુંગળીની કિંમતમાં ૫૮ ટકાનો ઘટાડો થયો છે. ટામેટાની કિંમત વાર્ષિક આધાર પર વધી હતી પરંતુ ઓગસ્ટમાં ૭૧.૫૯ ટકાની સરખામણીમાં તેમાં ઘટાડો થયો છે. ફળફળાદીની કિંમતમાં પણ ઉથલપાથલ જોવા મળી રહી છે. શાકભાજી, ઈંડા, માંસ, ફીશ અને ઘઉં જેવી ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો થયો છે. એકબાજી ઈંડા, માંસ, ફીશની કિંમતમાં ૪.૧૨ ટકાનો ઘટાડો થયો છે. ઓગસ્ટમાં ૫.૮૭ ટકા કરતા વધુ ઘટાડો થયો છે. ઘઉંની કિંમતમાં ૧.૫ ટકાનો ઘટાડો થયો છે. ઓગસ્ટમાં ૦.૬૭ ટકાનો વધારો થયો હતો.

# દિવાળી પહેલા જ પેટ્રોલની કિંમતમાં વધુ ઘટાડો કરાશે

## ભાવ ૧૬ મહિનાની નીચી સપાટી પર જઈ શકે : સામાન્ય લોકોને વધુ રાહત આપવા કંપનીઓની તૈયારી

નવી દિલ્હી,તા. ૧૪

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને દિવાળી પહેલા મોટી રાહત આપવાની તૈયારી મોદી સરકાર કરી ચુકી છે. પેટ્રોલના ભાવમાં દિવાળી પહેલા લીટરદીઠ એક રૂપિયાનો ઘટાડો કરવામાં આવી શકે છે. પેટ્રોલના ભાવ દિવાળી પહેલા ૧૬ મહિનાની નીચી સપાટી પર પહોંચી શકે છે. સરકારી પેટ્રોલિયમ કંપનીઓ તેની કિંમતમાં પ્રતિ લીટર એક રૂપિયાનો ઘટાડો કરી શકે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રુડની કિંમત જુનમાં પીક કરતા ૨૦ ટકા નીચે જઈ ચુકી છે. સુત્રોએ કહ્યું છે કે ડીઝલના રેટને ધ્યાનમાં રાખનાર સરકાર તેની કિંમતમાં પણ ઘટાડો કરવા વિચારી રહી છે. કારણ કે રિટેલર્સને આના પર ત્રણ રૂપિયા પ્રતિ લીટરથી વધારે માર્જિન મળે છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવા આ સપ્તાહમાં વિચારણા કરી શકે છે. પરંતુ ડીઝલની કિંમતને ઘટાડી દેવા અંગે કેબિનેટની મંજૂરી જરૂરી હોય છે. વિધાનસભા ચૂંટણી બાદ તેને મંજૂરી મળી શકે છે. કેબિનેટે જુન ૨૦૧૦માં પેટ્રોલની કિંમતને અંકુશમુક્ત કરવાની જાહેરાત કરી હતી. જ્યારે ડિઝલની કિંમતને પમ યોગ્ય સમય પર અંકુશમુક્ત કરવાનો સૈદ્ધાતિક નિર્ણય કર્યો હતો. ગયા વર્ષે જાન્યુઆરીમાં સરકારે ઓઈલ માર્કેટિંગ કંપનીઓને ડીઝલની કિંમતમાં પ્રતિ મહિને ૫૦ પૈસાનો ઘટાડો કરવાની મંજૂરી આપી હતી. જ્યાં સુધી તેની કિંમત માર્કેટ રેટ મુજબ ન થાય ત્યાં સુધી તેની કિંમતમાં ઘટાડો કરવાની મંજૂરી આપી હતી. સપ્ટેમ્બર મહિનાથી ડીઝલના વેચાણ પર પોઝિટીવ રેવેન્યું મળે છે.

# હુડ હુડ વાવાઝોડુમાં મોતનો આંક વધી ૨૬ થયો

વિશાખાપટ્ટનમ,તા. ૧૪

આંધ્રપ્રદેશ અને ઓરિસ્સામાં રવિવારે ત્રાટકેલા વિનાશકારી વાવાઝોડામાં મોતનો આંકડો હવે વધી રહ્યો છે. વાવાઝોડાએ તેની અસર દર્શાવી દીધા બાદ હવે ચિંતાજનક ચિત્ર સપાટી પર આવી રહ્યું છે. નુકસાનના આંકડા હવે મળી રહ્યા છે. દરિયાકાઠાના આંધ્રમાં વ્યાપક નુકસાન થયું છે. આંધ્રમાં મોતનો આંકડો વધીને ૨૬ ઉપર પહોંચી ગયો છે. વિશાખાપટ્ટનમમાં સૌથી વધારે નુકસાન થયું છે. અહીં મોતનો આંકડો ૧૬ થઈ ગયો છે. વિજયાનગરમમાં છના મોત થયા છે. શ્રીકાકુલમમાં એકનુ મોત થયું છે. સરકારી પ્રવકતાએ કહ્યુ છે કે ૬૬૦૦ મકાનો નાશ પામ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ પહોચ્યા છે. વિજળી અને દુરસંચાર સેવા વ્યવસ્થિત કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. ભારે અંધાધુંધી હજુ ફેલાયેલી છે.

# વિન્ડીઝ સામેની છેલ્લી બે મેચો માટે ટીમની જાહેરાત

મુંબઈ,તા. ૧૪

વેસ્ટઈન્ડિઝની સામે છેલ્લી બે વનડે મેચ અને એક માત્ર ટ્વેન્ટી-૨૦ માટે ભારતીય ટીમની આજે જાહેરાત કરી દેવામાં આવી હતી. શ્રેણીની છેલ્લી બે મેચો માટેની ટીમમાં અક્ષર પટેલની પસંદગી કરવામાં આવી છે. ટી-૨૦ ટીમમાં કરણ શર્મા અને મનીષ પાંડેનો સમાવેશ કરવામાં આવ્યો છે. પસંદગીકારોએ આજે સવારે બેઠક યોજી હતી જેમાં ટીમની જાહેરાત કરી હતી. છેલ્લી બે વનડે મેચો પૈકીની મેચો ૧૭મી ઓક્ટોબરે ધર્મશાળામાં અને ૨૦મી ઓક્ટોબરે કોલકત્તામાં રમાશે. જ્યારે ટી-૨૦ મેચ ઓક્ટોબરમાં કટકમાં યોજાશે. બેઠક બાદ ટેસ્ટ શ્રેણીથી પહેલા કાનપુરમાં એક પ્રદર્શન મેચ પણ રમાશે. બોર્ડ ઈલેવનની ટીમ પણ જાહેર કરી દેવામાં આવી છે. સુરેશ રૈના ટીમના કેપ્ટન તરીકે રહેશે. ધોનીના નેતૃત્વમાં છેલ્લી બે વનડે મેચોમાં ધોની ઉપરાંત શિખર ધવન, કોહલી, સુરેશ રૈના, રાયડુ ઉપર બેટીંગની જવાબદારી રહેશે. કરણ શર્મા અને અક્ષર પટેલને તક આપવામાં આવી છે.

# કાળા નાણાં અંગે માહિતી મેળવવા ટીમ સ્વીસ જશે

## બુધવારે ભારતીય ટીમ જીનેવા પહોંચી જશે : હવે રેવેન્યુ સેક્રેટરી શક્તિકાંતાના નેતૃત્વમાં ભારતીય ટીમ ૭૦૦ ભારતીયોના બેંક ખાતાઓમાં ઉંડી ચકાસણી કરશે

નવી દિલ્હી,તા. ૧૪

નરેન્દ્ર મોદી સરકાર કાળા નાણાંને લઈને પણ ગંભીર દેખાઈ રહી છે. જેથી હવે આ દિશામાં પણ પગલા લેવામાં આવી રહ્યા છે. કાળા નાણાંની સામે ઝુબેશ વધુ તીવ્ર કરવાના હેતુસર ભારત સરકાર આ સપ્તાહમાં જ એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળને સ્વીત્ઝર્લેન્ડ મોકલવાની તૈયારી કરી રહી છે. આવતીકાલે ટીમ પહોંચી ગયા બાદ વિવિધ મુદ્દા પર વાતચીત કરશે. ચકાસણી પણ કરવામાં આવનાર છે. આ ટીમ જીનેવામાં એચએસબીસી બેંકની મુલાકાત લેશે અને ત્યાં ૭૦૦ ભારતીયના બેંક ખાતાઓમાં ચકાસણી કરશે. એક અગ્રણી અગ્રેજી



અખબારે માહિતી આપતા કહ્યુ છે કે આ સપ્તાહમાં જ આ ટીમ જશે. ટીમનુ નેતૃત્વ રેવેન્યુ સેક્ટેરી શક્તિકાંતા દાસ કરશે. ભારતીય ટીમ જિનેવામાં સ્વીસ નાણાં મંત્રાલયના અધિકારીઓ સાથે પણ વાતચીત કરશે. આ પ્રતિનિધીમંડળમાં શક્તિકાંતાની સાથે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાઈરેક્ટ ટેક્સના ચેરમેન કેવી ચૌધરી અને પોરેન ટેક્સેશન રિસર્ચના જોઈન્ટ સેક્રેટરી અખિલેશ રંજન પણ સામેલ થનાર ચે. આ મુલાકાત દરમિયાન કાળા નાણાંના મામલે વાતચીત કરવામાં આવશે અને વધુ માહિતી એકત્રિત કરવામાં આવનાર છે. પ્રતિનિધીમંડળ ૧૫મી ઓક્ટોબર એટલે કે આવતીકાલે જીનેવામાં સ્વીસ અધિકારીઓ સાથે વાતચીત કરશે. ૭૦૦ ભારતીયોના ખાતામાં ચકાસણીની સાથે સાથે એવા ભારતીય લોકોના ખાતામાં ચકાસણી કરશે જે સ્વીસ બેંક ખાતામાં ખાતા ધરાવે છે. વર્ષ ૨૦૧૧માં બારત સરકારને ૭૦૦ એવા ખાતાની માહિતી મળી હતી જે ખાતા જીનેવાની એચએસબીસી બેંકમાં ખોલવામાં આવ્યા હતા. જો કે સ્વીસ સરકાર પાસેથી માહિતી માંગવામાં આવતા સરકારે કાયદાને ટાંકાની માહિતી આપવાનો ઈન્કાર કર્યો હતો.

## નવાં કલેવર (૪થાં પાનાનું ચાલુ...)

અમે બંને એ ચ્હા પીધી, તે દરમિયાન તે મને શું ગમે - ન ગમે તથા ઘર-કુટુંબ બાબતે પુછતો રહ્યો. પહેલાં દિવસે જે મોહિત સાથે મારો પરિચય થયેલો તેના કરતાં આજે તે બિલકુલ વિપરીત લાગી રહ્યો હતો. તેની વાતોથી એવું લાગતું હતું કે જાણે કે મને માપી રહ્યો છે. વહેવાર અને વેશભૂષા બંને દૃષ્ટિએ આજે તે મને ફિલ્મી ખલનાયક જેવો લાગતો હતો. પ્રથમ પરિચયે તેના જે રૂપને મેં જોયેલું. તે સાચું હતું કે જે રૂપને મેં આજે અનુભવ્યું તે સાચું છે. હું એ ગુંચવણમાંથી નીકળવાનો પ્રયત્ન કરતી હતી ત્યાં જ તેનો અવાજ સાંભળી ચોંકી પડી. 'કાલ આવીશ, અત્યારે નીકળું છું.' કહેતો એ તીરની જેમ ઓરડામાંથી બહાર નીકળી ગયો.

એ ફરી આવશે. એ તાણને કારણે હું એ રાતે મોડે સુધી ઊંઘી ન શકી. અનેક આશંકાઓ મને ભયભીત કરતી હતી. પછી મેં મનોમન નિશ્ચય કર્યો કે કાલે રજા લઈને ઘેર જતી રહીશ. ત્યારે માંડ માંડ મને ચેન પડ્યું અને નિંદર આવી.

રાતે મોડે સુવાના કારણે સવારે દૂધવાળાએ આવી બારણું ખખડાવ્યું ત્યારે જ આંખ ખુલી. મેં રઘવાટમાં બારણું ખોલ્યું. મને અસ્તવ્યસ્ત જોઈને એ બોલ્યા. 'બહેન એવું લાગે છે કે તમારી તબિયત બરાબર નથી. જો કોઈ દવા લાવવી હોય તો લખી આપો. હું લાવી દઉં.'

મેં ગમે તેમ બહાનું કાઢી તેને રવાના કર્યો. જો કે વાસ્તવિકતા એ હતી કે તે સમયે કોઈ અજાણ્યા વ્યક્તિની મારા પ્રત્યેની આત્મીયતા જોઈને મને એવું લાગતું કે આ શહેરમાં હું એકલી નથી. ઘડીયાળ પર નજર પડતાં હું સ્કૂલે જવાની તૈયારીમાં લાગી ગઈ.

(ક્રમશઃ)

## સમાચાર ઝલક

- માઉન્ટ આબુમાં હોસ્પિટલના સ્ટાફ દ્વારા જ બાળકોના સૌદા થતાં હોવાની શંકા.
- કાશ્મીર અંગે પાકિસ્તાનની રજૂઆત સંયુક્ત રાષ્ટ્રે ફગાવી દીધી.
- સપ્ટેમ્બર માસમાં જથ્થાબંધ ભાવાંકમાં ઘટાડો નોંધાયો, મોંઘવારીનો આંક ઘટ્યો.
- સૂરતમાં તાંત્રિકવિધિના બહાને બળાત્કારની ફરિયાદ નોંધાઇ તાંત્રિકની ધરપકડ.
- દિલ્હીના વાતાવરણમાં પલટો, વરસાદના હળવાં ઝાપટા પડ્યા.
- સાંઇબાબા-જગદ્ગુરૂ શંકરાચાર્ય વિવાદ પ્રશ્ને સુપ્રીમ કોર્ટે વચ્ચે પડવાની સ્પષ્ટ ના પાડી.
- તા. ૧૬મી ઓક્ટોબરથી સાસણગીર સિંહ દર્શન માટે ખુલ્લો મુકાશે.
- ખેડા-ધોળકા હાઇવે પર અકસ્માતમાં બંને ડ્રાઇવરો જીવતા સળગી ગયા.
- જામનગર-કચ્છ-ભુજમાં પાકિસ્તાન બાજુથી પવન ફૂંકાતા વાતાવરણ ધુળીયું બન્યું.
- ઇરાકમાં ૩ બોમબ્લાસ્ટમાં ૨૨ લોકોનાં મૃત્યુ.
- ફ્રેન્ચ અર્થશાસ્ત્રી જિંનને મળ્યું નોબલ પ્રાઇઝ.
- આંધ્ર-ઓરિશામાં હુડહુડ વાવાઝોડા બાદ જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવમાં અસહ્ય વધારો.
- એ.ટી.એમ.નાં ઉપયોગ માટે બેંકો ચાર્જ લગાડશે, રીઝર્વ બેંકની મંજુરી જરૂરી.
- અમદાવાદમાં એ.એમ.ટી.એસ. હવે મીની બસો દોડાવશે, દિવાળીમાં ૧૫૦ મીની બસો મુકાશે.
- હુડહુડ વાવાઝોડાના કારણે ૧૦ કરોડનું નુકસાનનો અંદાઝ.
- સુરત જિલ્લાના કામરેજ પોલીસ સ્ટેશનમાંથી ૧૫૦ કાર ચોરી કરનારા બે આરોપીઓ ફરાર.
- દિવાળીના તહેવારોને અનુલક્ષી ઓન લાઇન શોપિંગમાં ધરખમ વધારો, ૧૦ હજાર કરોડનાં ધંધાની અપેક્ષા.
- દિવાળી ટાણે જ કાર કંપનીઓએ બમ્પર ડિસ્કાઉન્ટ જાહેર કર્યા.
- પાલનપુર-પાટણ ઉત્તર ગુજરાતમાં આરોગ્ય વિભાગ દ્વારા મીઠાઇ-ફરસાણના નમૂના લેવાયા, દરોડાનો દોર યથાવત.
- જાપાનના ટોકિયો શહેરમાં વાવાઝોડાનો કહેર.